રેકિ વિદ્યાનિકેતન
શ્રી સ્વામી સમર્થ મઠ
દેવરૂખ કાટવલી માર્ગ
તા. સંગમેશ્વર
જી. રત્નાગિરિ
મહારાષ્ટ્ર ભારત
ટેલીફોન : ૯૧૨૩૫૪૨૪૧૩૨૨

# રેકિ વિદ્યા નિકેતન

વોલ્યુમ ૪ અંક ૧ 01-01-2012

## નુતનવર્ષાભિનંદન

૨૦૧૨ નું વર્ષ શરૂ થઇ ગયું છે. જેમને વર્તમાન બનાવોમાં રસ હોય તેમને માટે તો આ વર્ષ ખૂબ મહત્વનું છે. જયારે આ મિલેનીયમની શરૂઆત થઇ ત્યારની ઉત્તેજના ઘણા લોકોને યાદ જ હશે. તે વખતે માનવજાત માટે Y2K અને બીજી અનેક સમસ્યાઓ વધારે મહત્વની ઘટનાઓ હતી. દરેક રાષ્ટ્રમાં, ધર્મમાં તેમજ દરેક આર્થિક દરજજાના લોકોને લાગ્યું હતું કે કંઇ અજુગતું બનવાનું છે. ૨૦૧૨ માં આવું પાગલપન કે ઉન્માદ જોવા મળતો ન હોવા છતાં છેલ્લા કેટલાક વર્ષોથી તેના માટે અનેક વાતો બહાર આવી રહી છે. વાસ્તવમાં જે ચર્ચાય છે તેનું આધારબિંદુ માયન કેલેન્ડર છે. માયન કેલેન્ડરમાં ૨૧ ડીસેમ્બર ૨૦૧૨ પછીનો સમય દર્શાવવામાં આવ્યો જ નથી. (આપણે આટલું જાણીએ છીએ). લોકોને તે પછી શું થશે તેની ખબર જ નથી. શું દુનિયા નહી રહે? કે પછી સમયના પરિમાણો બદલાય જશે? કે પછી તે કેલેન્ડરને માનવાવાળા લોકો વિલિન થઇ જશે? કોઇને કશી જ ખબર નથી. એવું પણ બને કે આપણને તે કેલેન્ડરની જરૂરત જ ન રહે. સકારાત્મક રીતે વિચારીએ તો સમય એક એવું માપ છે કે જે ખરાબ દિવસોની ગણતરી કરવા માટે જ મનમાં આવે છે. જયારે દિવાળી કે ક્રિસ્ટમસનો તહેવાર ઉજવતા હોઇએ ત્યારે સમય એવો પસાર થઇ જાય છે કે કેલેન્ડર યાદ પણ આવતું નથી. જયારે સ્કૂલ શરૂ થાય છે ત્યારે અમે ગંભીરતાપૂર્વક કેલેન્ડર જોતા અને નવાઇ પામતા કે કેલેન્ડરના પાના ઝડપથી કેમ ફરતા નથી! જયારે તમે ખુશ હો છો અને બધું સરળ રીતે થતું હોય છે ત્યારે તમે સમયની દરકાર કરતા નથી. માટે ચાલો આપણે પ્રાર્થના કરીએ અને આશા રાખીએ કે આ નવું વર્ષ માનવ જીવન માટે ખૂબ ખુશી અને આનંદ લઇને આવે અને જેથી માનવ જીવન દિવસોની કલાકોની કે પછી ચલણી નોટોની ગણતરીથી દૂર રહી શકે. ખુશી, સુખ કે પ્રસન્નતા આમેય માપી શકાતી નથી. અમે આપ સહુને આવનારા વર્ષ દરમ્યાન એવી ખુશી અને પ્રસન્નતા મળે એવી શુભ કામના કરીએ છીએ જેથી તમારા માયન કેલેન્ડરની ચિંતા ન કરવી પડે. એ પણ એક માયા જ છે.

ગંભીરતાથી જોઇએ તો ૨૦૧૨ ના મુદ્દે અમુક વૈજ્ઞાનિક અને ગૈરવૈજ્ઞાનિક ભવિષ્યવાણીઓ છે. એક આધ્યાત્મિક મતને અનુસાર જેઓ આ દિવ્ય માર્ગે છે તેઓની ચેતના નવી ઊ ચાઇઓંબશે અને જેઓ આ બદલતી ચેતનાની માંગને પહો ચીનહી વળે તેઓ લુપ્ત થઇ જશે. વાતાવરણમાં પણ ફેરફારો થઇ રહ્યા છે તે પણ આપણે સહુ જોઇએ છીએ. આ ભવિષ્યવાણીને બાજુ પર મુકીએ તો આપણે માનવજાત માટે આ વર્ષ અનોખું છે. બધા ભલે ભવિષ્યવેતા ન બની શકીએ પરંતુ જગદોદ્ધાર માટે આરોહણ તો કરી જ શકીએ. આશા રાખીએ કે માનવ-ચેતનાના આરોહણની આ ક્રિયાને સમગ્ર માનવ જાત અનુભવે અને સમગ્ર વિશ્વની બિમારી, દુઃખ અને અલગતાને બદલે સ્વાસ્થ્યની, ખુશીની અને સંવાદીતાની સમૃદ્ધિનો અનુભવ કરે, ચાલો આપણે સહુ અજ્ઞાનથી જ્ઞાન તરફ, અંધકારથી પ્રકાશ તરફ અને અંતમાં મૃત્યુથી અમરત્વ તરફ પ્રયાણ કરીએ. આ જ વાત વેદોમાં યુગો પહેલાં કહેવાઇ છે. હું તમામ સાધકોને આનંદમય, સુમેળભર્યું તેમજ સ્વાસ્થ્યસભર જીવનની શુભેચ્છા પાઠવું છું.

– અજીત સર

આ અંક અંતર્ગત :

નૂતનવર્ષાભિનંદન ૧
દેવરૂખમાં દત્તજયંતિ ઉત્સવ ૨
કર્દલીવન યાત્રા ૩
ગુરૂ-ચરિત્ર સંકલ્પની પૂર્તિ ૪
ત્ર્યંબક હોમનો ગૂઢ અર્થ ૫-૬
જલ ચિકિત્સા ૭
આશ્રમ જ્ઞાન, રેકિ સેમિનારનું સમય પત્રક ૮

# દેવરૂખમાં દત્તાજયંતિ ઉત્સવ



૧૧ વર્ષથી દેવરૂખ આશ્રમનાં ઇતિહાસમાં દત્ત-જયંતિ ઉત્સવ એ ખૂબ મહત્વનો અને વિશિષ્ટ ઉત્સવ છે. આ વર્ષે આ પ્રસંગ ૮, ૯ અને ૧૦ ડીસેમ્બર દરમ્યાન ઉજવાયો. આ વખતનો આ ઉત્સવ દેવરૂખ આશ્રમના ઉત્સવોમાંનો એક મોટો ઉત્સવ હતો. અલગ અલગ કેન્દ્રોમાંથી ૧૫૦ થી વધારે લોકો તેમજ દેવરૂખ ગામના ૧૦૦ થી વધારે લોકો ત્યાં એકત્રિત થયા હતા. આ લોકોની વ્યવસ્થા સારી રીતે થઇ શકે તે માટે વિવિધ કમીટીઓની રચના કરવામાં આવી હતી. આ કમીટીઓએ ખૂબ ક્ષમતાપૂર્વક કામ કરી પ્રસંગની વ્યવસ્થા તેમજ સંચાલન ખૂબ સારી રીતે કર્યું હતું.

ઉત્સવની શરૂઆત આઠમી ડીસેમ્બરની વહેલી સવારે થઇ હતી જેમાં અગ્નિ તેમજ બધાજ દેવતાઓનું આહ્વાન કરવામાં આવ્યું હતું. ત્યાર પછી દત્તયાગ શરૂ કરવામાં આવ્યો હતો જે ત્રણ દિવસ સુધી ચાલ્યો હતો. આ વખતે પણ હરિ ૐ તત્સત્ જય ગુરૂદત્તના મંત્રાથી ૧૦ લાખ આહૂતિ આપવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. ૧૫ થી ૨૦ સાધકોનું એક ગ્રુપ એક કલાક સુધી મંત્ર બોલી અહૂતિ અર્પણ કરતું હતું. આમ દત્તજયંતિને દિવસે તેની પૂર્ણાહૂતિ થઇ હતી.

આ વખતે આશ્રમના ટ્રસ્ટીઓએ શ્રીયંત્રાની પ્રતિષ્ઠા કરવાનું પણ નક્કી કર્યું હતું જેની પૂજા ૯ મી ડીસેમ્બરે કર્યા પછી સાધના રૂમમાં તેનું સ્થાપન કરાયું હતું.



યજ્ઞ વખતે ઊર્જા-માપન પણ કરવામાં આવ્યું હતું. જેમ જેમ યજ્ઞમાં મંત્રાથી આહૂતિઓ અપાતી ગઇ તેમ તેમ આશ્રમની ઊર્જામાં નો ધપાત્રવધારો જોવા મળ્યો હતો. અને ઊર્જા-માપન માટે ખાસ તૈયાર કરાયેલ Energy Meter નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કલ્પીતા કુમાર તેમજ અશ્વિનીએ રાકેશ કુમાર કે જે એડવાન્સ સાયન્સ સ્ટડી સર્કલનો હેડ છે તેની મદદથી ઊર્જા માપન કર્યું હતું. આમ લેવાયેલા અવલોકનોનું એક ટેબલ બનાવવામાં આવ્યું છે જેનું આપણી રીસર્ચ ટીમ એનાલીસીસ કરશે.

દત્તયાગ ઉપરાંત ગુરૂજીએ ત્યાં આવેલા તેમજ રસ ધરાવતા સાધકોના સમયનો સદ્ઉપયોગ થાય તેમજ જ્ઞાન મળે તે હેતુથી જ્ઞાનયજ્ઞનું પણ આયોજન કર્યું હતું જેમાં રેકિ, અગ્નિહોત્ર,



અંતરધ્યાન અને આજના વિકસતા વિજ્ઞાન તેમજ આપણા પ્રાચીન વિજ્ઞાનને લગતા લેકચર્સ ગોઠવવામાં આવ્યા હતા. આ જ્ઞાનયજ્ઞ દ્વારા ગ્રુપ લીડર્સને ૨૦૧૨ ના વર્ષ દરમ્યાન તેમને કરવાના કાર્યોનું તેમજ સાધકોને મુંઝવતા સવાલોનું નિરાકરણ કરવાનો મોકો મળ્યો હતો.

# કર્દલીવન યાત્રા : સ્વામી સાથેનું મિલનસ્થાન



એવું માનવામાં આવે છે કે ૧૪ મી સદીમાં ભગવાન દત્તાત્રેયનો ત્રીજો અવતાર એવા શ્રી ગુરૂ નરસિંહ સરસ્વતીએ કર્દલીવનમાં સમાધિ લીધી હતી. સ્વામી સમર્થના ભકતો પણ આ જગ્યાને ખૂબ પૂજનીય તેમજ પવિત્ર માને છે કારણ કે એક મત એવો પણ છે કે નૃસિંહ સરસ્વતીએ સમાધિ લઇને ૩૫૦ થી ૪૦૦ વર્ષ સુધી તપ કરીને ફરીથી ત્યાંથી જ સ્વામી સમર્થ તરીકે પ્રગટ થયા હતા. સ્વામી સમર્થના ભકતો માટે તો આ સ્થળ મક્કા (Mecca) સમાન છે. ગુરૂજીએ આ વખતે કર્દલીવનના ગાઢ જંગલમાં સાધકોને લઇ જવાનું સાહસ કર્યું હતું. જયાં જવા માટે અનેક લોકો હિંમત હારી જતા હોય છે. આ સ્થળ આંધ્રપ્રદેશમાં આવેલું છે અને ત્યાં વિશ્વના બાર જાગૃત જયોર્તિલિંગમાંનું એક એવું મલ્લિકાર્જુનના જયોર્તિલિ ગશ્રી શૈલમ્ થી જવાય છે. ત્રાણ મહિના પહેલાં જયારે આ યાત્રાનું આયોજન કરવાનું નક્કી કર્યું ત્યારે ૧૦ થી ૧૨ વ્યકિતને જ ત્યાં લઇ જવાનો પ્લાન હતો પરંતુ અંતમાં ૬૬ સાધકો આ યાત્રામાં સામેલ થયા હતા. દેવરૂખ, મુંબઇ, થાણા, નાસિક, વડોદરા, અમદાવાદ, રાજકોટ, ભીલાઇ અને અમેરિકાના સાધકો પણ આ યાત્રામાં જોડાયા હતા. ૧૦ સાધકો શીકાગોથી ખાસ આ યાત્રામાં જોડાવા આવ્યા હતા તે ખૂબ સરપ્રદ હતું.



૧૬ મી ડીસેમ્બરે હૈદરાબાદ સ્થિત YMCA ના ગેસ્ટ હાઉસમાં બધા યાત્રિકો એકઠા થયા હતા અને ત્રાણ બસ દ્વારા છ થી સાત કલાકના રસ્તે શ્રી શૈલમ્ જવા રવાના થયા હતા. વિવિધ સ્થળેથી આવેલા સાધકોનો એક માત્ર હેતુ તેમજ નિશ્ચય હતો કે જે થવું હોય તે થાય પરંતુ અમે સ્વામી સમર્થના પ્રાગટય સ્થાને જઇને જ રહેશું. સમગ્ર ગ્રુપે શ્રી શૈલમ્માં આવેલા ગેસ્ટ હાઉસમાં નાઇટ હોલ્ટ કર્યો હતો કારણ કે આગળ જવા માટે ખૂબ મોડું થઇ ગયું હતું. રાત્રિ દરમ્યાન આરામ કરી વહેલી સવારે સહુ આગળ જવા માટે તૈયાર થઇ ગયા હતા. બધા યાત્રિકોએ યાત્રા શરૂ કરતા પહેલાં શ્રી શૈલમ્ના દર્શન કરી યાત્રા નિર્વિધ્ને પૂરી થાય તે માટે આશીર્વાદ મેળવ્યા હતા. બપોર થતાં સુધીમાં તો બધા યાત્રિકો પાતાળગંગા નદીના કિનારે બોટમાં બેસવા માટે પહો ચીગયા હતા. લગભગ એક કલાકની બોટની મુસાફરી બાદ બધા શ્રી શૈલ પર્વતની તળેટીમાં પહો ચીગયા હતા જયાંથી કર્દલી વનનો રસ્તો શરૂ થાય છે. શરૂઆતથી અઘરૂં ચઢાણ હતું જે આગળની યાત્રા વિકટ હોવાનો સંકેત આપતું હતું. આવા પર્વતી ચઢાણ વાળા રસ્તે ચાલતા ચાલતા લગભગ પાંચ કલાક બાદ તેઓ અક્કમા દેવીની ગુફામાં રાત રોકાવાનો અનુભવ પણ લેવા જેવો હતો જયાં જંગલી પ્રાણીઓ પણ આસપાસમાં ફરતા હતા. યાત્રિકોને આ અનુભવ અવિસ્મરણીય બની રહશે.



૧૮ મી ડીસેમ્બરની વહેલી સવારે ફરીથી યાત્રિકો સ્વામી સમર્થની ગુફા તરફ જવા રવાના થઇ ગયા. લગભગ સાત કીલોમીટરનો વિકટ રસ્તો કાપ્યા પછી સાધકો તે સ્થળે પહો ચ્યા.અને ત્યાં બધાને જે દિવ્ય અનુભવ થયો તે અવર્ણનીય છે, જાણે કે સમગ્ર દિવ્યતાએ, સમગ્ર સાધનાએ અમિટ આકાશમાંથી નીચે અવતરણ કર્યું હતું! ત્યાં સુધી પહો ચવામાટેના ત્રાણ દિવસનો પ્રયાસ સફળ હતો. માત્ર ત્યાં રહેવાથી ૬૬ સાધકોના જીવનનું રૂપાંતર થઇ ગયું.

# ગુરૂ ચરિત્ર સંકલ્પ પૂર્તિ અને તેનો ઉદ્દેશ



ગુરૂજી તેમજ દરેક ઘરમાં તેમની સ્વાસ્થ્ય, સુખ અને સંવાદિતાનો પ્રસાર કરવાની ચળવળ સાથે જોડાયેલા સાધકો માટે ગુરૂ-ચરિત્રાનો સંકલ્પ એક મહત્વનો પથદર્શક બની રહ્યો, આ સંકલ્પની શરૂઆત મે-૨૦૦૭ માં મુંબઇના ડોમ્બીવલી નામના પરામાં કરવામાં આવી. જેનો પાછળથી ખૂબ પ્રચાર તેમજ પ્રસાર થયો. આ સંકલ્પમાં બાવન મહિનામાં એટલે કે ચાર વર્ષ અને ચાર મહિનાના સમયગાળા દરમ્યાન બાવન જુદા જુદા ઘરોમાં બાવન વખત ગુરૂ-ચરિત્રાનું પઠન કરવાનું હતું. જેમાં મુંબઇ, નાસિક, વડોદરા તેમજ દેવરૂખના સાધકો સામેલ થયા હતા. આમ બાવન મહિનામાં ગુરૂચરિત્રાનું પઠન કુલ ૨૦૮ વખત કરવામાં આવ્યું હતું. દરેક વર્ષે ૧૨ મુ ગુરૂચરિત્રાનું પઠન ગુરૂચરિત્રાની લીલામાં દર્શાવાયેલા સ્થળે કરવામાં આવ્યું. આમ ૧૨ મું ગુરૂચરિત્રાનું પઠન નરસોબા વાડી કે જયાં નૃસિંહ સરસ્વતીએ ઘણા વર્ષો સુધી લીલા કરી હતી, ૨૪ મું ગુરૂચરિત્રાનું પઠન ગાણગાપુરમાં વાંચવામાં આવ્યું હતું. જે સ્થળમાં શ્રી ગુરૂએ કરેલા ચમત્કારોનું વર્ણન




ગુરૂચરિત્રામાં આપેલું છે. ૩૬ મું ગુરૂચરિત્રાનું પઠન અક્કલકોટમાં કે જયાં ભગવાન દત્તાત્રેયના ચોથા અવતાર એવા શ્રી સ્વામી સમર્થે ૨૨ વર્ષ લીલા કરી હતી. ૪૮ મું ગુરૂચરિત્રાનું પઠન ગિરનારમાં કે જયાં આજે પણ ભગવાન દત્તાત્રેય સ્વયં હાજર છે તેમ મનાય છે. અને છેલ્લું એટલે કે બાવનમું ગુરૂચરિત્રાનું પઠન દેવરૂખમાં કે જે આ શુભ સંકલ્પનું ઉદ્‌ગમ સ્થાન છે ત્યાં કરવામાં આવ્યું. આ ચારેય કેન્દ્રો તેમજ અન્ય કેન્દ્રોમાંથી મોટી સંખ્યામાં સાધકો આ સંકલ્પની પૂર્તિ માટે તેમજ તે સમયની ઊર્જાનો લાભ લેવા ત્યાં આવી પહો ચ્યાહતા. વિવિધ સ્થળોએ આ દિવ્ય ઊર્જાને ફેલાવવા માટે તેમજ ઊર્જાના તાણાવાણામાં વધુ સારી જિંદગી જીવવામાટે અને માનવતાના મુલ્યો વધારવા માટે ઉત્પન્ન થતી ઊર્જાની ગાંઠી એ આ દિવ્ય સંકલ્પ પાછળનો મુખ્ય હેતુ હતો. દેવરૂખના સાધકોએ ગિરનાર પર્વતની પ્રતિકૃતિ બનાવી હતી અને તેની ટોચ પર ચારે દિશામાં ભગવાન દત્તાત્રેયની મૂર્તિઓ રાખવામાં આવી હતી. જેઓ અનન્ય વિશ્વાસ તેમજ પ્રેમસભર હૃદયથી આવ્યા હતા તેમને માટે આ સમગ્ર ઉત્સવ ઉત્સાહ અને ઉમંગથી ભરપૂર હતો.

# સાધકો માટે દેવરૂખ આશ્રમમાં કોમ્યુનીકેશન સ્કીલનો પ્રોગ્રામ



ગુરૂજીએ ૧ લી ડીસેમ્બરથી ૪ ડીસેમ્બર ૨૦૧૧ દરમ્યાન દેવરૂખ આશ્રમમાં સાધકો માટે પ્રથમ વાર કોમ્યુનીકેશન સ્કીલ ના ટ્રેઇની ગપ્રોગ્રામનો પ્રારંભ કર્યો હતો. આ પ્રોગ્રામમાં ચાર દિવસમાં ૧૬ કલાક શીખવવામાં આવ્યું હતું. જેમા રોજ ૨ કલાકના બે સેસન્સ લેવાતા હતા. લગભગ ૩૫ સાધકોએ આ ટ્રેની ગનોલાભ લીધો હતો અને તેમાં પરસ્પર ખૂબ જ રસપૂર્વક પ્રશ્નોત્તરી થઇ હતી. આ પ્રોગ્રામના વિષયવસ્તુમાં કોમ્યુનીકેશન અંગેની મૂળભૂત ચર્ચા કે જેમાં કોમ્યુનીકેશનનો અર્થ, તેની વિવિધ રીતોનું વ્યવહારિક નિદર્શન તેમજ પ્રયોગ કરાયા હતા. બેઝીકસ ઓફ કોમ્યુનીકેશનની સાથે સાથે ગુરૂજીએ માઇન્ડ મેપી ગ,ટ્રાન્ઝેકશન એનાલીસીસ અને તેનો રોજીંદા જીવનમાં સુમેળ જેવા વિષયો પણ આવરી લીધા હતા. સચોટ કોમ્યુનીકેશન દ્વારા સંઘર્ષો કેવી રીતે નિવારી શકાય છે તે આ સ્કીલનો મુખ્ય મુદ્દો હતો.

ઇશ્વર કૃપા કંઇ એવી વસ્તુ નથી કે જે કયારેક થાય છે અને કયારેક નથી થતી. તે હંમેશા વરસતી રહે છે. તે અસ્તિત્વનો સ્વભાવ છે. અસ્તિત્વ જ કૃપા થી ભરપૂર છે. પરંતુ તમે તે કયારેક મેળવો છો અને કયારેક તેનાથી વંચિત રહી જાવ છો. વરસાદ વરસે છે ત્યારે કયારેક તમે ભિંજાઇ જાવ છો કયારેક નહી .પરંતુ વરસાદ તો સતત વરસતો જ રહે છે. માટે તમારે અંતરમાં કંઇક શોધવાની જરૂરત છે. કયારેક તેના પર આવરણ આવી જાય છે. કૃપા તો અસ્તિત્વની પ્રકૃતિ છે. અને તેના પર અહ્‌મનું આવરણ છે. જેનાથી તમે તમારી જાતનું રક્ષણ કરો છો. એમ થતાં કૃપા મેળવવા માટે પણ તમે તમારૂં રક્ષણ કરો છો. અજાણતા જ તમે તમારી આજુબાજુ એક વાડ બનાવી લો છો, એક ઢાલ બનાવી લો છો. જેથી કૃપા તો મળતી જ રહે છે પરંતુ તમે તે મેળવી શકતા નથી. આવું બનતું જોવા મળે છે.

- ઓશો

# ત્ર્યંબક હોમનું ગૂઢ અર્થ

મહામૃત્યુંજય મંત્ર ઉપાસના તે માત્ર મૃત્યુ પર વિજય મેળવવા માટે નહી પરંતુ સ્વાસ્થ્ય સભર, સુખમય તેમજ સંવાદીત જીવન જીવવા માટેના વૈજ્ઞાનિક અભિગમ માટે પણ તેનો ઉપયોગ થવો અનિવાર્ય છે. રૂદ્રાધ્યાયના ચમક-ભાગની શરૂઆત આ દિવ્ય મંત્રાથી જ કરવામાં આવી છે.

ॐ त्र्यंबकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम

उर्वारूकमिव बंधनात् मृत्योर्मुक्षिय मामृतात

આ મંત્રાનો શાબ્દિક અર્થ આ પ્રમાણે છે.

સુગંધિમ = સુંગધ (હોમમાં આપવામાં આવતી સુગંધિ આહૂતિ), પૃષ્ટિ = સ્વાસ્થ્ય સમૃદ્ધિ, વર્ધનમ = વિકાસ, ત્ર્યંબકમ = શિવ (અગ્નિ સ્વરૂપે શિવ), યજામહે = (અમે) હોમમાં આહૂતિ અર્પણ કરીએ છીએ, ઉર્વારૂકમા ઇવ = કાકડી જેવા, મૃત્યો = મૃત્યુ, સંબધીત બંધનાત = બંધનોથી મુકિત, મુક્ષિય = મુકત (અમને), મા મૃતાત = (પરંતુ) અમને અમરત્વથી દૂર કરશો નહી.

રૂદ્રને મૃત્યુનો દેવતા માનવામાં આવે છે. આ લેખમાં આ મંત્રાના વિજ્ઞાનનું પરિમાણ, પવિત્રાતાનું વિજ્ઞાન અને આધુનિક વિજ્ઞાન પર વિચાર કરવામાં આવ્યો છે.

મૃત્યુનું પૃથક્કરણ :

થીયોસોફીના મત અનુસાર મૃત્યુ એટલે એક શરીરને છોડીને અને નવું શરીર ધારણ કરી ફરીથી જન્મ લેવો. મૃત્યુ વખતે સ્થૂળ દેહ અને તેનું તેજોમય (સૂક્ષ્મ) શરીર એક બીજાથી અલગ પડી જાય છે. અને આત્મા ભૂવલોક (ભૂવ નામનું તરંગ ક્ષેત્રા) છોડી દે છે. તેનું જીવન તેણે ઇહલોકમાં (પૃથ્વી પર આવેલ મૃત્યુલોકમાં) કરેલા કર્મો અનુસાર હોય છે અને જયારે તેની વાસના કે ઇચ્છાઓ પુરી થઇ જાય છે ત્યારે તેનું તેજોમય શરીર વિલિન થઇ જાય છે. ત્યાર પછી તે તેની મેન્ટલ ઓરા વડે સ્વ લોકમાં આવે છે (સ્વલોકનું ક્ષેત્રા એટલે સ્વર્ગ). અહી તેના પવિત્રા વિચારો અને નિઃસ્વાર્થવૃત્તિની વૃદ્ધિ થાય છે. અહી તેને કોઇ એક ચોક્કસ પદ માટે તાલીમ આપવામાં આવે છે. અહી તેની ઓરા વિલિન થવા છતાં પણ તેનું કારણ શરીર રહે છે. સામાન્ય મનુષ્યનું સૂક્ષ્મ કે કારણ શરીર એટલી ઉંચાઇ પર હોતું નથી. તેથી તે સ્વ અને ભૂ લોકની ફ્રીકવન્સીથી આકર્ષાય છે અને તે ફરીથી ભૌતિક / સ્થૂળ શરીર ધારણ કરી જન્મ લે છે. હિન્દુ તત્વજ્ઞાન પ્રમાણે પ્રત્યેક વ્યકિતનું મૃત્યુ નિશ્ચિત છે, પછી તે સામાન્ય માનવી હોય કે સિદ્ધ. ભારતમાં અને તીબેટમાં આવા સિદ્ધોના અપરિપકવ મૃત્યુ કે જે પરિપકવ થયા પછીનું પ્રાકૃતિક મૃત્યુ નથી હોતું તેને ટાળવા માટેના પ્રયત્નો હંમેશા થયા છે. ભારતની આધ્યાત્મિતામાં ત્ર્યંબક મંત્રા એવો સિદ્ધ મંત્રા છે જે બિમારીમાંથી તેમજ આવા અપરિપકવ મૃત્યુમાંથી તમને મુકિત અપાવે છે.

તેની વિધિમાં બતાવાયું છે કે સાધકે ત્રાણ દિવસના ઉપવાસ કરી તપશ્ચર્યા કરવી અને દુધમાં રાંધેલા ચોખાની ભગવાન શિવને તેના દીર્ઘાયુષ, તેમજ પરિપકવ જીવન માટે ૧૦૦ આહુતિઓ આપવી. ઓમ, હુ (Hou) જન (Jan) સહ (Saha) ભૂભુવહ (Bhubhuvah) સ્વહ (Swah) જેવા શબ્દો શરૂઆતમાં બોલી ત્ર્યંબક મંત્રા બોલવાનો અને પછી સ્વહ, ભુવહ, સહ, જન, હુ, ઓમ શબ્દો બોલવા. જેથી મંત્રા ૫૦ અક્ષરનો મંત્રા બને.

# ત્ર્યંબક હોમનું ગૂઢ અર્થ (Cont....)

આ મંત્ર માટે નીચે આપેલ સંકલ્પ કરવાનો હોય છે. ૐअस्य मृत्युंजय मंत्रस्य वामदेव वसिष्ठऋषय: गायत्री पंक्ति: अनुष्टुभ छंद: सदाशिव महामृत्युंजयदेवता: शक्ति श्री बीज: रोगपरिहारार्थे जपमहम करिष्ये ! આ મંત્રાનો જપ ૧ લાખ વખત કરવો જોઇએ અને દરેક ૧૦ મી અથવા તો ૧૦ ના ગુણાકારમાં હોમના અગ્નિમાં તલ કે બિલીપત્રાની આહૂતિ આપવી જોઇએ.

ત્ર્યંબક એક એવી ફ્રીકવન્સી છે કે જયાંથી ત્રાણ મૂળભૂત ફ્રીકવન્સીના વાઇબ્રેશન ઉત્પન્ન થાય છે (જેમકે સફેદ પ્રકાશના કિરણોમાંથી ત્રાણ મૂળ રંગો નીકળે છે). આને સ્વનો, વિશ્વનો અને બ્રહ્માંડનો સિદ્ધાંત કહી શકાય કે જેના ત્રાણ મૂળભૂત અગ્નિ જેવાકે આહ્વાનિય, ગર્હપત્યા અને દક્ષિણાગ્નિ, અથવા તો પૃથ્વી, જલ અને અગ્નિ જેવા ત્રાણ મૂળ તત્વો છે. ત્ર્યંબક મંત્રાથી પૂજા કરવી એટલે કે માતૃ ઊર્જાની ઉપાસના કરવી ( આ ઊર્જાને આપણે રેકિ તરીકે ઓળખીએ છીએ).

સુગન્ધિ પુષ્ટિ વર્ધનમ્ : શિવને ધ્રાણેન્દ્રિયના દેવતા માનવામાં આવે છે (તે સુગંધ પછી સારી હોય કે ખરાબ) શિવ એ મૂળભૂત ઊર્જા છે જે સમગ્ર બ્રહ્માંડનું ભરણ-પોષણ કરે છે. મંત્ર વિજ્ઞાન પ્રમાણે ‘‘સમ્’’ ગંધને સંબંધિત જ્ઞાનેન્દ્રિયનું સ્થૂળ સ્તરે નિયમન કરે છે કે જે પૃથ્વીતત્વનું લક્ષણ છે અથવા તો માનવ શરીરમાં મૂલાધાર ચક્રનો બીજ મંત્ર છે. ‘‘लं पृथिव्यात्मकं गंध ’’ આમ ‘લં’ (Lum) અક્ષરનું ઉચ્ચારણ કરવાથી તેના વાઇબ્રેશન કે કંપનો સ્થૂળતા, સુસ્તી, ઉંઘને લગતી સમસ્યા તેમજ વાઇના રોગ મટાડે છે. વં (Vum) નો જપ જલ તત્વ સાથે સંબંધિત છે. માનવ શરીરમાં કફ, શરદી કે પાણીને લગતા રોગમાં આ મંત્રાનો જાપ કરવાથી રાહત મળે છે. રં (Rum) તે મણીપુરા ચક્રનો બીજ મંત્ર છે તેનો જાપ કરવાથી પાચન તંત્રાને લગતા રોગો જેવા કે એસીડીટી, શરીરમાં ગરમી વધી જવી વગેરે દૂર થાય છે. હં (Hum) અને યં (Yum) તે ઇથર તેમજ વાયુ સાથે સંબધિત છે. આમ આ બધા બીજ મંત્રાનો મહામૃત્યુંજય મંત્ર સાથે જપ કરવામાં આવે તો ઘણા બધા રોગોમાંથી મુકિત મળે છે.

આ મંત્રાનું રહસ્ય હવે આવે છે. ઉર્વાશકમિવ બંધનાત જેમાં એવો સંકલ્પ રાખવામાં આવે છે કે જેવી રીતે પરિપકવ થયેલી કાકડી તેના વેલામાંથી આસાનીથી છુટી પડે છે તેવી જ રીતે હે પ્રભુ મને કે બીજાને દુ:ખ આપ્યા વિના મારા આ સ્થૂળ શરીરનું મૃત્યુ થાય. ગંધ અને ઉર્વારીક એ બે અહી મહત્વના શબ્દો છે. ગંધ એટલે સુગંધ અથવા ગંધક (Sulphur). આધુનિક એલોપેથીક દવાઓ બનાવવામાં ગંધક અને કાકડીનું ખૂબ મહત્વ છે. (ખાસ કરીને ચામડીને લગતા રોગોમાં) આર્યુવેદિક દવાઓમાં સલ્ફરનો ઉપયોગ ભૂખ વધારનાર કે અગ્નિદીપક તરીકે, હરસની દવામાં તેમજ ચામડીના વિકારમાં કરવામાં આવે છે. આધુનિક ઔષધ વિજ્ઞાન આ બે વસ્તુના સંયોજનો કરીને આવનારા સમયમાં વધુને વધુ સંશોધન હાથ ધરશે.

મહાશિવરાત્રીનો ઉત્સવ આવી રહ્યો છે. દેવરૂખ આશ્રમમાં થતી તપશ્ચર્યામાં ભાગ લેનાર સાધકો માટે આ બહુ મોટો ઉત્સવ છે. આ વખતે આ તપશ્ચર્યા ૨૧ જાન્યુ. ૨૦૧૨ થી શરૂ થશે અને ૨૦ ફેબ્રુ. ૨૦૧૨ મહાશિવરાત્રી ને દિવસે પૂરી થશે. તે માટેની વિધિ ૧૮ ફેબ્રુઆરીથી શરૂ કરીને સતત ૭૨ કલાક ની અવધિમાં ૧,૦૦,૦૦૦ મહામૃત્યુંજય મંત્રાથી હોમ, અભિષેક તેમ જપ કરવામાં આવશે. જે સાધકોને આ તપશ્ચર્યામાં ભાગ લેવો હોય તેમણે આશ્રમમાં શ્રીમતી દક્ષાબેન પટેલને (આશ્રમ નંબર ૦૨૩૫૪-૨૪૧૩૨૨) ૧૦ જાન્યુ.૨૦૧૨ સુધીમાં તેમના નામ નોધાવી દેવા. જેમણે નામ લખાવ્યા હશે તેમને આ તપ અંગેના નિયમોની જાણ કરવામાં આવશે.

# કેટલીક સંવેદનશીલ માહિતિ

(સીમા ત્રિવેદી તરફથી)

અહી માઈક એડમ્સ (Mike Adams) નામની વ્યકિતએ Dr. Batmanghelidj - કે જેઓ વોટર ફોર હેલ્થ, ફોર હીલીગ ફોર લાઈફના લેખક છે તેમની સાથેના ઈન્ટરવ્યુના અંશો અહી આપેલા છે. અમને ખાત્રી છે કે આ માહિતીના આધારે તમને ઘણું જાણવા મળશે.

પ્રશ્ન : પાણીમાં એવું શું છે? પાણીના હીલીગ માટેના ગુણધર્મની તમને પ્રથમ વખત કયારે ખબર પડી?

જવાબ : ખરૂં કહું તો બહુ વિચિત્ર ઘટના હતી. તમને ખબર જ છે કે હું એક વ્યવસાયે એમ.ડી. ડોકટર છું અને હાઉસ ડોકટર તરીકે હું પસંદગી પામ્યો એટલું જ નહી પરંતુ મને ગર્વ છે કે પેનીસીલીનના શોધક ધો. એલેકઝાન્ડર ફલેમીગના છેલ્લા વિદ્યાર્થીઓમાંનો એક હું હતો. મે તમને આ નામ એટલે કહ્યું કે તમને જાણ થાય કે હું મેડિકલ સ્કૂલ અને રીસર્ચ કાર્યમાં રસ ધરાવતો હતો. અને થોડા વર્ષો પછી એક વ્યકિત કે જે પેટના દર્દથી બેવડો વળી ગયો હતો તેને મારે પાણીના બે ગ્લાસ આપવા પડયા કારણ કે તે વખતે તેને આપવા માટે મારી પાસે કંઈજ દવા ન હતી. તેને અત્યંત તીવ્ર વેદના થતી હતી, અને પાણીથી તેમને ચમત્કારીક રાહત મળી. માત્ર ત્રણ જ મિનિટમાં તેનું દર્દ જતું રહ્યું. આઠ મિનિટમાં તો તે તદ્દન સારો થઈ ગયો. આઠ મિનિટ પહેલાં તે દર્દથી બેવડો વળી ગયો હતો, ચાલી શકતો ન હતો તે પાણી પીધા પછી તદ્દન સારો થઈ ગયો. અને તે ખુશ થઈને દરેક ને તે વાત કહેવા લાગ્યો. ''મને દર્દ પાછુ આવશે તો શું થશે?'' તેણે મને પૂછયું. મે કહ્યુ ''ખુબ પાણી પીવાનું'', પછી મે તેને દર ત્રણ કલાકે બે ગ્લાસ પાણી પીવાનું કહ્યું. જે તેણે કર્યું અને ત્યાર પછી તેને પેટના અલ્સરનો દુખાવો કાયમ માટે ગયો.

આ બનાવે મને જાગૃત કર્યો કારણ કે મેડિકલ સ્કૂલમાં પાણીથી દર્દ/પીડા મટી શકે તે મે કયારેય સાંભળેલું ન હતું. તેથી મે આવા ૩૦૦૦ કેઈસો પર પાણીનો દવા તરીકે પ્રયોગ કર્યો. દરેક વખતે પાણી એક અસરકારક ઔષધ પુરવાર થયું. આ પ્રયોગ પરથી મે તારણ કાઢયું કે જયારે આ લોકોના શરીરને પાણીની તરસ લાગે છે ત્યારે પેટમાં દુ:ખાવા રૂપે પ્રગટ થાય છે અને તે વ્યકિત બેભાન પણ બની શકે છે એવો મને અનુભવ થયો અને ત્યારે પાણી આપવાથી બધું સરસ થઈ જાય છે.

જયારે હું ૧૯૮૨ માં અમેરિકા આવ્યો ત્યારે હું પેન્સીલ્વેનીયા યુનીવર્સીટીમાં ગયો ત્યાં મને મારૂં સંશોધન કાર્ય ચાલુ રાખવા માટે આમંત્રણ મળ્યું. પાણીના દુ:ખાવામાં રાહત આપવાના ગુણધર્મ પર મે સંશોધન કર્યું. મે મારી જાતને જ પૂછયું કે શા માટે ફાર્માસ્યુટીકલ ઈન્ડસ્ટ્રી દુ:ખાવામાં રાહત મેળવવા માટે એન્ટીહીસ્ટામાઈન લેવાનો આગ્રહ રાખે છે? ત્યાર પછી મે એન્ટીહીસ્ટામાઈનનું શરીરમાં શું કાર્ય છે તે વિશે સંશોધન કર્યું અને ખબર પડી કે એન્ટીહીસ્ટામાઈન તે વોટર રેગ્યુલેશન માટે ન્યુરોટ્રાન્સમીટર નું કાર્ય કરે છે અને શરીરની તરસ છીપાવવાનું કાર્ય કરે છે. જયારે દુ:ખાવો થાય છે ત્યારે વાસ્તવમાં તે ભાગમાં પાણીનો અભાવ સૂચવે છે.

તેથી શરીરમાં જયારે પાણીની ઉણપ વર્તાય છે ત્યારે તે દર્દ કે પીડા રૂપે પ્રગટ કરે છે. શરીરના જે ભાગમાં પાણીનો અભાવ સર્જાય છે ત્યાં ત્યાં દુ:ખાવો થાય છે. આ સરળ વાત મે કેન્સરની ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ગેસ્ટ લેકચરર તરીકે લેકચર આપતી વખતે ત્યાં રજુ કરેલી કે માનવ શરીરમાં થતો પાણીનો અભાવ (dehydration) તે શરીરના જે તે ભાગમાં દુ:ખાવો પેદા કરીને વ્યકત કરે છે. આમ દુ:ખાવો તે શરીરમાં પાણીનો અભાવ સૂચવે છે અને આપણા સમાજમાં સ્વાસ્થ્યને લગતી સમસ્યઓમાં પાણીનો અભાવ તે મુખ્ય કારણ છે. જો તમે દવાઓ બનાવતી કંપનીઓ તરફ નજર નાખશો તો જાણવા મળશે કે તેઓ દવા તરીકે એન્ટહીસ્ટામાઈનસ બનાવે છે. એન્ટીડીસ્પેશન ડ્રગ્સ / ડીપ્રેશન દૂર કરતી દવાઓ, દુ:ખાવા માં રાહત આપતી દવાઓ, અન્ય દવાઓ સીધી કે આડકતરી રીતે એન્ટીહીસ્ટામાઈનસ જ છે. આમ જયારે મારા સંશોધન કાર્યનું પ્રકાશન થયું ત્યારે સાયન્ટીફીક સેકેટરીએટ ઓફ થર્ડ ઈન્ટરસાયન્સ બીયાર્ડ કોન્ફરન્સ ઓફ ઈન્ફલેમેશનમાં ૧૯૮૯ માં હીસ્ટામાઈન્સ પર બોલવા માટે મોન્ટે કાર્લોમાં મને આમંત્રણ આપવામાં આવ્યું. અને મે તેમાં લેકચર આપ્યું. ત્યાર પછી બધાને એ વાતની જાણ થઈ હીસ્ટામાનઈ એ આપણા શરીરમાં પાણીના નિયંત્રણનું કાર્ય કરે છે. પરંતુ કમનસીબે મેડિકલ કોમ્યુનીટી દ્વારા આ વાત હજુ પબ્લીક સુધી પહોચવા પામી નથી.

ઈશ્વર કૃપા કંઇ એવી વસ્તુ નથી કે જે કયારેક થાય છે અને કયારેક નથી થતી. તે હંમેશા વરસતી રહે છે. તે અસ્તિત્વનો સ્વભાવ છે. અસ્તિત્વ જ કૃપા થી ભરપૂર છે. પરંતુ તમે તે કયારેક મેળવો છો અને કયારેક તેનાથી વંચિત રહી જાવ છો. વરસાદ વરસે છે ત્યારે કયારેક તમે ભિંજાઇ જાવ છો કયારેક નહી .પરંતુ વરસાદ તો સતત વરસતો જ રહે છે. માટે તમારે અંતરમાં કંઇક શોધવાની જરૂરત છે. કયારેક તેના પર આવરણ આવી જાય છે. કૃપા તો અસ્તિત્વની પ્રકૃતિ છે. અને તેના પર અહ્મનું આવરણ છે. જેનાથી તમે તમારી જાતનું રક્ષણ કરો છો. એમ થતાં કૃપા મેળવવા માટે પણ તમે તમારૂં રક્ષણ કરો છો. અજાણતા જ તમે તમારી આજુબાજુ એક વાડ બનાવી લો છો, એક ઢાલ બનાવી લો છો. જેથી કૃપા તો મળતી જ રહે છે પરંતુ તમે તે મેળવી શકતા નથી. આવું બનતું જોવા મળે છે.

- ઓશો

# શા માટે ઈશ્વર તમને રાહ જોવડાવે છે?

અમારી શ્રી શૈલમ્‌ની યાત્રામાં જયોતિર્લિંગ મલ્લિકાર્જુન ના દર્શન વખતે એક વિશિષ્ટ પરિસ્થિતિ સર્જાઇ. અમારે કર્દલી વન જવા માટે સવારમાં નીકળી જવાનું હતું. કેટલાક લોકોને આગળની યાત્રા શરૂ કરતાં પહેલા શ્રી શૈલમ્ મંદિરમાં દર્શન કરવાની ઇચ્છા હતી. તે દિવસે મંદિરમાં ખૂબ ગિર્દી હતી. મંદિરમાં બે લાઇનો હોય છે એક સામાન્ય લોકો માટે અને બીજી ૧૦૦ રૂા. જેવી રકમ ભરીને પાસ લઇને દર્શન કરનારા માટે. ગુરૂજી પૈસા આપીને ઈશ્વરના દર્શન ખરીદવાની વાતના વિરોધી હોવાથી સાધકોને આ વાતની જાણ હતી. માટે દરેક સાધકે પાસ ન લેતા સામાન્ય લોકોની લાઇનમાં જ ઉભા રહેવાનું મુનાસિફ માન્યું. અને તેથી ૩ થી ૫ સેકન્ડના દર્શન માટે બધાને ત્રણ કલાક લાઇનમાં ઉભું રહેવું પડયું. કેટલાક લોકોએ એવી ટકોર પણ કરી કે ત્રણ કલાક લાઇનમાં ઉભા રહ્યા એના કરતાં દર્શન કર્યા વિના જ કર્દલી વન ગયા હોત તો સારૂ થાત!. ગુરૂજીએ તેમને કહ્યું, ‘‘આને તમે સમય બગાડયો એમ કેમ કહો છો? સાચી વાત તો એ છે કે ઈશ્વરે તેમને લોકોને મુલાકાત માટે ૩ કલાકનો સમય આપ્યો. તે એ ત્રણ કલાક દરમ્યાન તમને નિહાળી રહ્યો હતો. તમારી સાથે વાતો કરવા તલસી રહ્યો હતો? પરંતુ કદાચ તમારૂં ધ્યાન તે તરફ ન હતું. તમે ભૂલી ગયા હતા કે તે પવિત્ર જગ્યામાં પણ ઈશ્વરનું પ્રાગટય તો હતું જ. જે લી ગનેતમે ૩ કે ૫ સેકન્ડ માટે જોયું તે તો ખુબ મહત્વની કેન્દ્રની ઊર્જા હતી. અને તે સામાન્ય લોકોને કામમાં આવે તેવી ન હતી તે તો યોગીઓ માટે હતી. જેમ કે વીજળીના સામાન્ય ઉપયોગ માટે લોકોને પાવર સ્ટેશનની જાણકારી હોવી જરૂરી નથી. પરંતુ તમને તો રોજ-બરોજના જીવનમાં વીજળીનો કેવી રીતે સદ્‌ઉપયોગ કરી શકાય તે જ જાણવું જરૂરી હોય છે. પાવર સ્ટેશનનું નિયંત્રણ તો તેના ઇજનેરોએ જ કરવાનું હોય છે. ઈશ્વર તમારી સાથે જ હતો અને તેણે પૈસા આપીને જલદી દર્શન કરે તેવા લોકો કરતાં તમારી સાથે વધુ વખત વિતાવ્યો. પરંતુ કમનસીબે તમે તે અનુભવી શકયા નહી .તમે ઈશ્વરના માનીતા છો. ઈશ્વર તમને પ્રેમ કરે છે. આ એવું છે કે કોઇ તમને પ્રેમ કરતું હોય તો તે બીજા મુલાકાતીઓ સાથે કામ નીપટાવીને તમારી સાથે વધારે ને વધારે સમય પસાર કરવાનું પસંદ કરશે. બીજા લોકોને રવાના કરીને તમારી સાથે શાંતિથી સમય પસાર કરશે. બધાએ આ વાત સમજવાની જરૂરત છે. બીજી વખત હવે જયારે તમે દર્શન કરવા જાવ અને તમારે મંદિરમાં વધારે વાર ઉભું રહેવું પડે તો આ વાત યાદ રાખજો. ઈશ્વર સાથે વાતો કરજો, તેને સાંભળજો. તેના દર્શન કરજો અને યાદ રાખજો કે તે માત્ર નાના સ્વરૂપે નથી. તે તમારી આસપાસ અનેક રૂપે રહેલો છે. પીલર્સ, બીમસ્ એ બધું ઈશ્વર જ છે. આ વાતને સમજો.

## રેકિ સેમીનારનું સમય પત્રક

| ક્રમાંક | તારીખ | સ્થળ | માસ્ટર | ડીગ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૭, ૮ જાન્યુઆરી | મુંબઇ | અજીતસર | દ્વિતિય |
| ૨ | ૭, ૮ જાન્યુઆરી | વડોદરા | સંગીતાબેન | પ્રથમ |
| ૩ | ૨૫, ૨૬ જાન્યુઆરી | રત્નાગિરિ | અજીતસર | પ્રથમ |
| ૪ | ૨૮, ૨૯ જાન્યુઆરી | દેવરૂખ | અજીતસર | દ્વિતિય |
| ૫ | ૭, ૮ ફેબ્રુઆરી | મુંબઇ (યશફાર્મા માટે) | અજીતસર | પ્રથમ |
| ૬ | ૧૧, ૧૨ ફેબ્રુઆરી | મુંબઇ | અજીતસર | પ્રથમ |